


ગાંધીનગર, ગટર અને ગંદકી એક જ રાશીમાં આવે છે એટલે ત્રણેયને સારો સંબંધ હોય એવું અનુભવાય છે. શહેરમાં ગટરના પ્રશ્નો છાશવારે ઉભરાય છે. ગંદકી તો ગાંધીનગરની સગી બહેનપણી થાય એમ સતત સાથેને સાથે રહે છે. ગંદકી અને ગટરના પ્રશ્નો પ્રમાણિક રીતે ઉકેલાય તો ગાંધીનગર સાચા અર્થમાં સ્માર્ટ સિટી બની જાય.

# સચિવાલયમાં વિજળી વેરણ થતા 'વિકાસ' ઝંખવાયો!!

ગાંધીનગર, તા.૧૯

'વિકાસ ગાંડો થયો છે'ની સોશ્યલ મિડિયા પર ચાલેલી સિરિઝે ભાજપના 'વિકાસ' શબ્દને બુમરેંગ બનાવી જાણે હુકમનું પત્તું હાથમાંથી લઈ લીધું છે. 'વિકાસ'ની આ બુમ એટલી પ્રબળ બની રહી છે કે હવે નાની સરખી રૂટિન સમસ્યા પર પણ મેસેજીસ બની ફરતા થઈ જાય છે. આજે પાટનગરના નવા સચિવાલય ખાતે બપોરે ૧૨ વાગ્યાના સુમારે 'ગુલ' થયેલી વિજળીએ તંત્રને આજ બીકે પરસેવો છોડાવી દીધો હતો જેથી ભારે દોડધામના અંતે આશરે અડધા કલાકે જયારે વિજળી પુનઃ કાર્યરત થઈ ત્યારે તંત્રએ હાશકારો લીધો હતો.

આશરે બપોરના ૧૨ વાગ્યાના સુમારે સ્વર્ણિમ સંકુલ સહિત સમગ્ર નવા સચિવાલય ખાતે લાઈટો ગુલ થવા પામી હતી. અચાનક વિજળી વેરણ થતા સચિવાલયની તમામ લીફટ બંધ થઈ જવા પામી હતી તથા દરેક ઓફિસના કોમ્પ્યુટર્સ પણ બંધ પડી જતા 'કર્મયોગીઓ' અચાનક નવરાં થઈ ગયેલા જોવા મળ્યા હતા. લાઈટ-પંખા અને એસી પણ બંધ થઈ જવાથી કર્મચારીઓ સચિવાલયની લોબીમાં અને ગેલેરીમાં ફરતા થઈ ગયા હતા. બીજી તરફ ફ્રી પડેલા કેટલાક ટીખળી કર્મચારીઓએ 'વિકાસ ઝંખવાયો'ની ટેગ સાથે સ્વર્ણિમ સંકુલમાં વિજળી ગુલના મેસેજ ફરતા કરતા ૨૪ કલાકના વિજળીના દાવાઓનું ખંડન કરવા પ્રયાસ કર્યો હતો. આ પરિસ્થિતિમાં લાઈટો પુનઃ ચાલુ કરવા તંત્રએ દોડધામ આદરી હતી અને આશરે અડધા એક કલાકે લાઈટો પુનઃ ચાલુ થતા હાશકારો લીધો હતો. જો કે આ વિજળી કયા કારણથી વેરણ થઈ હતી તે જાણવા મળ્યું નથી.

# મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર ખાતે ત્રિ-દિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ

ગાંધીનગર, તા.૧૯

વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સહયોગથી ગાંધીનગર જિલ્લાના નારદીપુર ગામે સ્થિત મહિલા ગ્રામ વિદ્યાપીઠ ખાતે ત્રિદિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાઈ ગયો. વિદ્યાપીઠનાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી ૯૭ જેટલી વિદ્યાર્થીનીઓ માટે યોજાયેલા આ વર્કશોપમાં વિષય નિષ્ણાત અને રોટરી કલબ ઓફ કેપિટલના પૂર્વ પ્રમુખ તથા વૈદિક પરિવારનાં ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ પ્રશિક્ષણ આપ્યું હતું. જેમાં વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ પણ પ્રાણાયામ, ધ્યાન, આત્મનિરીક્ષણ જેવા વિષયોનું પ્રશિક્ષણ આપી મદદનીશ પ્રશિક્ષક તરીકે સેવાઓ પ્રદાન કરી હતી.

શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીનીઓને સ્ટ્રેસનાં વિવિધ કારણો સમજાવી તેને દૂર કરવાના ઉપાયો ઉપર વિસ્તારથી પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્ટ્રેસનાં કારણોમાં ભણવાની વૈજ્ઞાનિક વિધિ વિશે અજ્ઞાનતા, સંશય, ભ્રાન્તિ એટલે ઉલટું કે વિપરિત જ્ઞાન, નકારાત્મક વિચારો, વધારે પડતી અને સામર્થ્ય બહારની અપેક્ષાઓ કે ઈચ્છાઓ વગેરેને જવાબદાર ગણ્યા હતા.

શાળાના ગ્રન્થપાલ શ્રી શૈલેશકુમાર જોશી સમગ્ર વર્કશોપ દરમ્યાન ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે પણ પોતાના પ્રતિભાવોમાં વર્કશોપ દરમ્યાન શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા શીખવવામાં આવેલ વિષયો ક્રમબદ્ધ અને અત્યંત સરળ શૈલીમાં પ્રસ્તુત કર્યા હોવાનું જણાવ્યું હતું. આ વર્કશોપથી વિદ્યાર્થીનીઓનાં જીવનમાં બહુ મોટું પરિવર્તન આવશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વર્કશોપના ઉદ્‌ઘાટન પ્રસંગે ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી રીટાબહેન દવે ઉપસ્થિત રહ્યાં હતા. જ્યારે સમાપન પ્રસંગે વિદ્યાપીઠનું સંચાલન કરતી સંસ્થા ગ્રામ સેવા મંદિરનાં ડાયરેક્ટર શ્રી જયગોપાલભાઈ પંડિત આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

સમાપન સમારોહમાં રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી, રોટરેક્ટ પ્રેસિડેન્ટ શ્રી જય રાણા, સક્રેટરી શ્રી મહર્ષિ દવે, રોટરેક્ટ શ્રી યશ બ્રહ્મભટ્ટ રહ્યા હતા. મંચ સંચાલન ડૉ. જશુમતીબહેન દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. જી. જે. જાડેજા દ્વારા કરવામાં આવી હતી.






# રાયસણના ૨૩ લાભાર્થીઓને છ વર્ષ પછી પણ પ્લોટ મળ્યા નથી : બેચરજી ઠાકોર

ગાંધીનગર, તા. ૧૯

૨૦૦૯માં ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત રાયસણ ગામના ૨૩ લાભાર્થીને છ વર્ષ પછી પણ સનદ મળી પણ પ્લોટ મળતા નથી તેવો ગંભીર આક્ષેપ કોંગ્રેસના સદસ્ય બેચરજી ઠાકોરે કર્યો છે.

તેમણે કહ્યું હતું કે વણઝારા સમાજના આ લાભાર્થીઓને ઘરના પ્લોટની ફાળવણીની સનદો આપવામાં આવી હતી. આ પછી ગામતળની જગ્યામાં પ્લોટ ના હોવાથી પંચાયતે ગામતળ વધારવા માટેની અરજી કરી હતી પરંતુ જિલ્લા તંત્ર દ્વારા તેને નકારી દેતાં જણાવ્યુ છે કે તમારૂ ગામ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળમાં આવતુ હોવાથી અમને ગામતળ નીમ કરવાના અધિકાર પહોંચતા નથી.

આ પછી ગુડામાં પણ રજૂઆત કરવામાં આવી છે પરંતુ કોઈ જ નિર્ણય આજ સુધી લેવામાં આવ્યો નથી. છ વર્ષથી લાભાર્થીઓ સનદ લઈ ફરી રહ્યા છે પણ પ્લોટ મળતો નથી.

ગરીબ કલ્યાણ મેળાઓ યોજી ગરીબોની મજાક ઉડાવવામાં આવી હોવાનુ પણ તેમણે કહ્યુ હતુ. તેમણે કહ્યુ કે આ પરિવારો રેતીખનન સાથે સંકળાયેલા છે અને વર્ષોથી રાયસણમાં વસવાટ કરી રહ્યા છે. સરકારે આ બાબતે દરમ્યાનગીરી કરી ગરીબોને ન્યાય આપવો જોઈએ તેવુ અમે સ્પષ્ટ માનીએ છીએ.

# કોંગ્રેસે રાંધેજા બેઠક માટે નીરીક્ષકો નિમ્યા

ગાંધીનગર, તા. ૧૯

આગામી તારીખ ૮ ઓકટોમ્બર ૨૦૧૭ના રોજ ગાંધીનગર તાલુકા પંચાયત રાંધેજા-૨ (બીનઅનામત) બેઠકના અપક્ષ સદસ્યના રાજીનામાના કારણે ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી યોજાનાર છે. જે ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો વિજય થાય તે માટે રાંધેજા-૨ તાલુકા પંચાયત બેઠક માટે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જિલ્લા પંચાયતના ચેરમેનો સર્વ અરવિંદસિંહ સોલંકી અને જે.ડી. ચારેલની નીરિક્ષક તરીકે નિમણૂંક કરી છે. જેઓ સદર બેઠકના સ્થાનિક આગેવાનો સાથે જરૂરી પરામર્શ કરી ચૂંટણી જીતવા સંબધી કામગીરી કરશે અને તારીખ ૨૦-૯-૨૦૧૭ ના રોજ સાંજે ૫ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ઈચ્છુક ઉમેદવારોની રજૂઆત સાંભળવામાં આવશે અને સ્થાનિક કોંગ્રેસના આગેવાનોની સાથે પરામર્શ કરાશે જેથી રાંધેજા-૨ બેઠકમાં સમાવિષ્ટ તમામ કોંગ્રેસના આગેવાનોને ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં મહામંત્રી મંગળસિંહ સોલંકીએ જણાવ્યુ છે.

# ઈ-ગ્રામ યોજનાના કર્મચારીઓએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે ઈ-ગ્રામ યોજનાના કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નોનો હજુ સુધી નિકાલ ન આવતા ધરણા પર બેસીને ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. જયારે આગામી સમયમાં રાજય સરકાર દ્વારા વીસીઈ કર્મચારીઓની માંગણીઓ અંગે કોઈ નિર્ણય નહીં લેવામાં આવે તો કર્મચારીઓ ભુખ હડતાલનું શસ્ત્ર ઉગામશે.

ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૬ થી ઈ-ગ્રામ યોજના અમલમાં મુકવામાં આવી છે. રાજયની તમામ યોજનાઓ અને સરકારી લાભો સરળતાથી ગામમાં જ મળી રહે તે હેતુથી આ યોજના અમલમાં મુકાઈ હતી. આ યોજના હેઠળ કામ કરતા કર્મચારીઓને કોઈ પગાર ચુકવાતો નથી. વીસીઈને વિમા કવચ કે અન્ય કોઈ લાભ મળતા નથી. માત્ર સરકારના નક્કી કરેલા ધારાધોરણ મુજબ કમિશન પર કાર્ય કરે છે. જે હાલના સમયે આટલી કારમી મોંઘવારીમાં પોસાય તેમ નથી. ત્યારે રાજય સરકાર પાસે વીસીઈ કર્મચારીઓએ કમિશન પ્રથા બંધ કરીને માનદ વેતન આપી કાયમી કરવા, વર્ગ-૩ નો દરજજો આપવો, છેલ્લા ૧૧ વર્ષથી કામગીરી કરતા હોવાથી સરકારી કર્મચારીને મળતા તમામ લાભ આપવા સહિતની માંગણીઓ છે. જેને પગલે ગાંધીનગર જિલ્લા ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા રાજય સરકાર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી છે. છતા સરકાર દ્વારા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. જેથી આજે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે વીસીઈ કર્મચારીઓ મોટીસંખ્યામાં એકઠા થયા હતા અને ધરણા યોજીને ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરી હતી.

સરકાર વીસીઈ કર્મચારીઓની માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય જાહેર નહીં કરે તો આગામી સમયમાં ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર સાહસિક મંડળ દ્વારા કર્મચારીઓ ભુખ હડતાલ પર ઉતરશે તેવું પ્રમુખ શકરાજી ઠાકોરે જણાવ્યું છે.




# આજે ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા વિજય યુવા ટંકાર સંમેલન

ગાંધીનગર, તા. ૧૯

આવતીકાલ તા. ૨૦-૯-૧૭ બુધવારના રોજ સાંજે ૪ કલાકે ઓડીટોરીયમ હોલ સિવિલ કમ્પાઉન્ડ, સે. ૧૨ ખાતે ગાંધીનગર મહાનગર યુવા મોરચા દ્વારા ૩૬, ઉત્તર વિધાનસભાના વિજય યુવા ટંકાર સંમેલનનું આયોજન પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ છે. આ સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. રૂત્વિજભાઈ પટેલ તથા પ્રદેશ ભાજપના મંત્રી પ્રદિપસિંહજી વાઘેલા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર મહાનગર ભાજપના પ્રભારી પૃથ્વિરાજભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મંત્રી તથા ગુ.હા.ફા.કો.ઓ. ચેરમેન વાડીભાઈ પટેલ, મહાનગર અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ, જિલ્લા અધ્યક્ષ નૈલેષભાઈ શાહ, ગુડા ચેરમેન આશિષભાઈ દવે, ગુડાના પૂર્વ અધ્યક્ષ અશોકભાઈ ભાવસાર, મેયર પ્રવિણભાઈ પટેલ, સ્ટે. ચેરમેન મનુભાઈ પટેલ, પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ પ્રમુખ નીતિનભાઈ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તથા ગાંધીનગરના પૂર્વ અધ્યક્ષ રૂચીરભાઈ ભટ્ટ તેમજ યુવા મોરચાના કાર્યકર્તા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# ગાંધીનગર ખાતે સ્વ. શંકરલાલ ગુરૂને ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સીલ દ્વારા શ્રદ્ધાંજલી અપાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું છે કે, માજી ધારાસભ્ય તરીકે સ્વ. શંકરલાલ ગુરૂની સામાજિક અને શૈક્ષણિક રીતે કરેલી સેવાઓ સદાયે અવિસ્મરણીય રહેશે. તેઓની સમાજ ઉત્થાન, ખેડૂતો માટે તથા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે કરેલી કામગીરી અન્યો માટે પ્રેરણારૂપ છે.

આજે ગાંધીનગર ખાતે ગુજરાત એક્સ એમ.એલ.એ.કાઉન્સીલ દ્વારા સંસ્થાના દિવંગત ચેરમેન શંકરલાલ ગુરૂને શ્રદ્ધાંજલિ આપતા વોરાએ કહ્યું કે, સંસદીય પ્રણાલીઓ અને વિધાનસભાની વિવિધ કામગીરીઓ અંગે ધારાસભ્યોને માર્ગદર્શન પ્રાપ્ત થાય તે માટે સ્વ. શંકરલાલ ગુરૂના માનમાં ગુજરાત વિધાનસભા ખાતે વ્યાખ્યાનમાળા યોજાશે. જેમાં નિષ્ણાંત તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરૂ પડાશે. સાથે સાથે માજી ધારાસભ્યોને જાહેર જીવનમાં કોઈ તકલીફ ન પડે અને તેમની આગવી ઓળખ ઉભી થાય તે માટે ડિપ્લોમેટ પાસપોર્ટ સાઈઝના ઓળખકાર્ડ પણ આપવામાં આવશે. તેમણે શંકરલાલ ગુરૂ સાથેના સંસ્મરણોને તાજા કરતા કહ્યું હતું કે ધારાસભ્યોના કલ્યાણ માટે તેમણે અનેક રજુઆતો તેમણે કરી હતી તે સંદર્ભે આઈ.એ.એસ. ઓફિસરને આરોગ્ય સવલત માટે જે હોસ્પિટલના લાભો મળે છે તે જ લાભો માજી ધારાસભ્યોને પણ આપી દેવાયા છે. તેમજ રાજ્ય સરકારની G.S.R.T.C. ની તમામ બસોમાં મફત મુસાફરી પત્ની સાથે પુરી પાડવામાં આવે છે તથા પત્ની ન હોયતો એટેન્ડન્ટને આ લાભો રાજ્ય સરકારે આપ્યા છે. આગામી સમયમાં રેલ્વેમાં સેકન્ડ કલાસમાં મુસાફરી તથા સરકીટ હાઉસમાં ચાલુ ધારાસભ્યને જે ભાડાથી સવલતો મળે છે તે જ ભાડાથી માજી ધારાસભ્યોને પણ આ લાભો આપવામાં આવશે તે પ્રક્રિયા હાથ પર છે તેમ તેમણે ઉમેર્યુ હતું.





# જેસીઆઈ દ્વારા આઈટીઆઈ ખાતે બહેનોને જ્વેલરી મેકીંગની તાલીમ અપાઈ

જેસીઆઈ ગાંધીનગર દ્વારા આઈટીઆઈની બહેનોને પગભર થઈ શકે તે હેતુસર ગાંધીનગર આઈટીઆઈની બહેનોને જ્વેલરી મેકીંગની તાલીમ આપવામાં આવી હતી. જેમાં સેટ, બુટ્ટી, પાટલા, વીંટી જેવી જ્વેલરી આઈટમ બનાવવાની તાલીમ તરલિકાબેન સોની દ્વારા આપવામાં આવી હતી. સાથે જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી ગાંધી દ્વારા કિશોર અવસ્થામાં સ્વાસ્થ્યની કાળજી અંગે માર્ગદર્શન અને હોર્મોન્સની અસરો વિશે જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે હર્ષાબા ધાંધલ અને જેસીઆઈના પદાધિકારીઓ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# આર.સી. પટેલ સેકન્ડરી સ્કુલમાં સેલ્ફ ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલમાં સેલ્ફ ડેવલપમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. ડી.એસ. પટેલ નિવૃત્ત જનરલ મેનેજર (મધુર ડેરી) વર્ગ-૧-૨-૩ની પરીક્ષા વર્ગોનું આયોજન કરે છે, ખેડૂતોને તાલીમ આપે છે તેમના દ્વારા પર્સનાલીટી ડેવલપમેન્ટ, હકારાત્મક વિચારો, માઈન્ડ પાવર વગેરેનું ઉંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના કન્વીનર પટેલ દિનેશભાઈ, આચાર્ય વિનોદભાઈ અને સુપરવાઈઝર કેતકીબેન દ્વારા વિદ્યાર્થીઓને જરુરી માહિતી આપવામાં આવી હતી.

# સર્પદંશથી વધુ એક ખેડુતનું મૃત્યુ

## રાંધેજાના ખેડુતને ખેતરમાં સાપ કરડી જતા સ્થળ પર જ મૃત્યુ થઈ ગયું

ગાંધીનગર, તા.૧૯

ઉકળાટને કારણે સાપ-વિંછીઓ જમીનમાં બહાર નીકળ્યા છે ત્યારે સર્પદંશના કેસો ગ્રામ્ય વિસ્તારમાં વધી ગયા છે. ગઈ કાલે રાંધેજા ગામના એક ખેડુતને સાપ કરડી જતા ખેતરમાં જ ખેડુતનું પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું હતું. આ ઘટનાથી ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે બપોરના અરસામાં રાંધેજા ગામમાં રહેતા ૬૩ વર્ષીય વૃધ્ધ ખેડુત રણછોડભાઈ ઈશ્વરભાઈ પટેલ તેમના ખેતરે ગયા હતા. એકો લઈને ખેતરેથી પરત ઘર તરફ જવા નીકળ્યા ત્યારે અચાનક કોઈ રીતે સાપે તેમને ડંખ મારી દેતા ગણતરીની મીનીટોમાં જ તેમનું મૃત્યુ થઈ ગયું હતું. પરીવારજનોને ઘટનાની જાણ થતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. વૃધ્ધ ખેડુતનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સર્પદંશના બીજા કિસ્સામાં તો ડોકટરને એટેક આવતા રહી ગયો..!

થોડા દિવસો પહેલા લેકાવાડા બાજુ એક ખેડુતને સાપ કરડયો હતો. તાત્કાલિક તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ફરજ પરના ડોકટરે સહજ રીતે દર્દીને પુછયું કે કયો સાપ કરડયો છે? તો ટ્રીટમેન્ટ કરવાની ખબર પડે! આ પ્રશ્નના જવાબમાં દર્દીએ એક કોથળી કાઢી અને તેમાંથી સાપ કાઢયો ને કહ્યું કે સાહેબ, 'આ સાપ કરડયો છે, હું પકડીને લાવ્યો છું કેમ કે સાપ કયો છે એ મને નથી ખબર પડતી...' આવું કહીને સાપ બહાર કાડતા જ ડૉકટરને પરસેવો છુટી ગયો અને તાત્કાલીક આ સાપ પાછો અંદર મુકી દેવાનું કહી ટ્રીટમેન્ટ શરુ કરી દીધી હતી..!

# દેશમાં ૨૨ લાખ ડ્રાઈવર્સની જરૂર છે તેના માટે ૨૦૦૦ અદ્યતન ડ્રાઈવીંગ સ્કૂલ્સ બનાવવામાં આવશે : ગડકરી

ગાંધીનગર, તા. ૧૯

ભારત સરકારના પરિવહન મંત્રી નીતિન ગડકરીએ રાષ્ટ્રીય પરિવહન વિકાસ મંડળની ૩૮મી વાર્ષિક બેઠકનો ગુજરાતના વાહન વ્યવહાર રાજ્યમંત્રી વલ્લભભાઈ કાકડીયા અને અન્ય રાજ્યોના પરિવહન મંત્રીઓની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૧૯૫૭માં સ્થાપિત આ મંડળની બેઠકો અત્યાર સુધી નવી દિલ્હીમાં યોજાઈ છે. ગુજરાતમાં પીપીપીના અભિગમ હેઠળ એરપોર્ટસ જેવા બસ પોર્ટસની સ્થાપના અને ઓટોમેટીક ટેસ્ટીંગ ટ્રેક જેવી સુવિધાઓથી સુસજ્જ અદ્યતન આરટીઓઝની મોડેલ રૂપ વ્યવસ્થાઓ અન્ય રાજ્યોના પરિવહન મંત્રીઓ, પરિવહન સચિવો, પરિવહન કમિશનરો નિહાળી શકે તેવા આશય સાથે બેઠક પ્રથમવાર નવી દિલ્હીની બહાર વડોદરામાં યોજાઈ છે.

નીતિન ગડકરીએ જણાવ્યુ કે, નાગપુરમાં ૨૦૦ જેટલી ઈલેકટ્રીક કાર્સનો જાહેર પરિવહનમાં ઉપયોગ કરવામાંઆવી રહ્યો છે. ભારત સરકાર જાહેર પરિવહન વ્યવસ્થાને સક્ષમ બનાવવા અને વૈકલ્પિક બળતણો આધારીત વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપીને પરિવહન દરોમાં ઘટાડો કરવાનું લક્ષ્ય રાખે છે. પરિષદની વર્તમાન બેઠકમાં જાહેર પરિવહનની સુધારણા અને સક્ષમીકરણના ઉપાયોનો વિચાર વિમર્શ કરવામાં આવશે. તેની સાથે જાહેર પરિવહનની આદર્શ નીતિ અને અકસ્માત નિવારણ દ્વારા માર્ગ સુરક્ષાને સમુચિત બનાવવાની વિચારણા કરવામાં આવશે.

લંડનમાં ૯ જેટલા ઓપરેટર્સ જાહેર પરિવહનના વિવિધ વિકલ્પો ઉપલબ્ધ કરાવી રહ્યા છે. તેનો દાખલો આપતાં તેમણે કહ્યુ કે, જાહેર પરિવહનના ક્ષેત્રની આવી વૈશ્વિક સાફલ્ય ગાથાઓની ચર્ચા કરવામાં આવશે.